# જિલ્લાની સરહદના ૧૦ ગામોમાં આજથી કડક લોકડાઉન

## દશ ગામોમાં કડક લોક ડાઉનની અમલવારી, હાઉસ ટુ હાઉસ સર્વે અને અન્ય કામગીરી માટે પાંચ અધિકારીઓની નિમણૂંક કરાઈ

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના અમદાવાદ જિલ્લાની નજીકના ગામોમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. જેને ધ્યાનમાં રાખી અમદાવાદ જિલ્લાની સરહદ પર આવેલા ૧૦ ગામોમાં કડક લોક ડાઉનની અમલવારી કરવાનો હુકમ જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે કર્યો છે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લાના અમદાવાદ જિલ્લાની સરહદ પર આવેલા ગામોમાં થોડાક દિવસમાં વધારો થયો છે. જેથી ગાંધીનગર જિલ્લાના અડાલજ, ઝુંડાલ, કુડાસણ, વાવોલ, નાના-ચિલોડા, ભાટ, કોટેશ્વર, ઉવારસદ, રાયસણ અને રાંદેસણ ગામ ખાતે કડક લોક ડાઉનની અમલવારી કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. આ ગામમાં કડક લોક ડાઉનની અમલવારી કરવાના આશયથી અડાલજ અને ઝુંડાલ ગામ માટે ના.કા.ઈ. શ્રી ડી.આર.પટેલ, કુડાસણ અને વાવોલ ગામ માટે જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી જી.બી.જાદવ, નાના-ચિલોડા, ભાટ અને કોટેશ્વર ગામ માટે મદદનીશ પુશપાલન નિયામક શ્રી એસ.આઈ.પટેલ, ઉવારસદ ગામ માટે જિલ્લા આંકડા અધિકારી શ્રી એસ.કે.પ્રજાપતિ તથા રાયસણ અને રાંદેસણ ગામ માટે નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ.એચ.પટેલની નિમણુંક કરી જવાબદારી સોંપવામાં આવી છે.




આ અધિકારીઓ થકી અધિકૃત અને અનઅધિકૃત પ્રવેશ મેળવતા ઈસમોનું તાત્કાલિક નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/ સબ સેન્ટર ખાતે તબીબી પરીક્ષણ થાય તથા તેઓને હોમ કવોરન્ટાઈન કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

હોમ કવોરન્ટાઈન કરેલા વ્યકિતઓ સૂચનાઓની અમલવારી કરે છે કે નહી અને તલાટી કમ મંત્રીશ્રી દ્વારા દિવસમાં ફરજિયાત બે વાર મુલાકાત લેવામાં આવે છે કે નહિ તેની પર તકેદારી રાખશે. તેમજ હોમ કવોરોન્ટાઈન / કલસ્ટર કવોરોન્ટાઈન કેન્દ્રો ઉપર પોલીસ કર્મયોગીઓને બંદોબસત ફાળવવા નજીકના પોલીસ સ્ટેશને સંપર્ક કરી વ્યવસ્થા કરાવશે. આ તમામ ગામોમાં આયુર્વેદિક ઉકાળા તથા આર્સેનિક આલ્બમ- ૩૦ દવાનું વિતરણ સુચારું રીતે કરવાની વ્યવસ્થા કરવામાં આવશે. તેમજ હાઉસ ટુ હાઉસ સર્વે આ ગામોમાં કરવામાં આવશે. તેમજ લોક ડાઉનનો ચુસ્ત પણે અમલ થાય તે અંગેની કાર્યવાહી કરવા માટે દૂધ અને દવા સિવાયની તમામ દુકાનો બંધ રાખવામાં આવે તે અંગેની અપીલ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




તારી બહેન બનેવી, બાજુવાળા ચંપાબહેન, ફ્લેટવાળા માસી અને પથુભાઈને બોલાવી લે... કાલથી આપણે મોદીજીએ કીધું તે ઉપરાંત નવા લોકડાઉનનો કડક અમલ કરવાનો છે.




### ગ્રામ્ય વિસ્તારોમાં અપનાવાયો "સ્માર્ટ" કિલ્લેબંધીનો વ્યુહ

ગાંધીનગર જીલ્લામાં દિન-પ્રતિદિન કોરોના કોવિડ-૧૯ના પોઝિટિવ કેસોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. આ સ્થિતિમાં ગાંધીનગર શહેરને પણ સંપૂર્ણ લોકડાઉન કરવાની ફરજ પડી છે પરંતુ પાટનગર કરતાં ગ્રામ્ય વિસ્તારના હોદ્દેદારો પ્રમાણમા વધુ "સ્માર્ટ" સાબિત થયા છે કેમ કે વાવોલ, કુડાસણ, રાંદેસણ વગેરે જેવા મોટાભાગના ગ્રામ્ય વિસ્તારો સંક્રમણના ખતરો જણાતા તુરંત જ સંપૂર્ણ લોકડાઉનનો નિર્ણય લેવા માંડ્યા હતા જ્યારે ફરી એકવાર મહાનગરપાલિકા તંત્ર નિર્ણય લેવામાં ઢીલું સાબિત થયું હોવાનો અહેસાસ નગરજનોને થઈ રહ્યો છે. ગાંધીનગર ફરતે આવેલા ગુડામાં સમાવિષ્ટ લગભગ તમામ ગ્રામ્ય વિસ્તારોમાં બહારગામથી ગામમાં પ્રવેશવાના માર્ગો પર આડશો ઊભી કરી કોરોના સક્રમણ સામે "સ્માર્ટ" કિલ્લેબંધીનો વ્યુહ અમલમાં મૂકી દેવામાં આવ્યો છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર રેફીરજેશન સર્વિસ વેલ્ફેર એસો. દ્વારા આ સ્કિલ્ડ છતાં અસંગઠિત ક્ષેત્રના શ્રમિક કારીગરો માટે સહાયનું પેકેજ આપવુ જોઈએ તેવી માંગણી સાથેનું આવેદનપત્ર મેયર-કમિશનર અને કલેક્ટરને આપવામાં આવ્યુ છે.
- રાજયના મુખ્ય સચિવ અનિલ મુકીને આજે જિલ્લાઓમાંથી જે શ્રમિકોને મોકલવામાં આવી રહ્યા છે તેની સ્થિતિની સમીક્ષા કરવા વિડીયો કોન્ફરન્સ યોજી હતી.
- આરોગ્ય વિભાગનો વધારાનો હવાલો સંભાળતા અધિક મુખ્ય સચિવ પંકજકુમારે પણ કોરોનાની સ્થિતિ અંગે જિલ્લાઓ સાથે સમીક્ષા માટે વિડીયો કોન્ફ્રન્સ કરી હતી.
- ગાંધીનગર શહેરમાં લોકડાઉનનો કડકાઈથી અમલ કરવાની જાહેરાતને પગલે ખરીદી માટે બજારોમાં ભારે બીડ જામી હતી.
- ગાંધીનગર જિલ્લામાંથી અત્યાર સુધીમાં ૪ હજાર જેટલા શ્રમિકો વતન જવા રવાના થયા છે અને ૭ હજાર જેટલા શ્રમિકો હજુ પણ મોકલવાના બાકી છે. આ માટે તંત્ર, રેલવે અને સરકાર સાથે સતત મંત્રણાઓ ચાલી રહી છે.

## ગાંધીનગરથી અન્ય જિલ્લામાં અપડાઉન કરતાં કર્મયોગીઓથી સંક્રમણનો ખતરો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરમાં થોડાક દિવસો પહેલા એવી સ્થિતિ હતી કે શહેરના મેયર દ્વારા મોટા ઉપાડે પાટનગર કોરોના દર્દી મુક્ત શહેર બન્યું હોવાની જાહેરાત કરવામાં આવી હતી અને તેનો જશ ખતવા કોશિષ કરવામાં આવી હતી. જો કે તેમની આ ખુશી લાંબો સમય ટકી શકી નથી અને માત્ર ગણતરીના દિવસોમાં જ ગાંધીનગરમાં એક પછી એક સેકટરોમાં કોરોનાનો પગપેસારો થવા માંડ્યો અને અત્યારે શહેરમાં નોવેલ કોરોના કોવિદ-૧૯ના દર્દીઓની સંખ્યા ૪૦ સુધી પહોચી ગઈ છે. આ પરિસ્થિતિ સર્જાવા પાછળ અમદાવાદથી કોરોના સ્પ્રેડર્સ ગાંધીનગરમાં આવ્યા હોવાનું અનુમાન કરીને પાટનગરમાં સંપૂર્ણ લોકડાઉન કરવા સાથે શહેરને ચોતરફથી સીલ કરી આવ્યું છે અને અમદાવાદ તરફથી આવતા નાગરિકોને શહેરમાં પ્રવેશતા અટકાવવામાં આવી રહ્યા છે. જો કે આટલી તકેદારી લેવા છતા ગાંધીનગરમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. આ સંખ્યા વધવા પાછળ ગાંધીનગરથી અમદાવાદ સહિત અન્ય જિલ્લાઓમાં નોકરી કરવા અપડાઉન કરી રહેલા સરકારી કર્મયોગીઓનો ફાળો પણ હોવાની શક્યતા હોઈ શકે છે જે છેલ્લા એક સપ્તાહમાં આવેલા પોઝિટિવ કેસોનું જો વિશ્લેષણ કરવામાં આવે તો જણાઈ આવશે.

**કેટલીક જિલ્લા કચેરીઓમાં તો અત્યારે કામનું ભારણ ના હોવા છતાં કર્મચારીઓને બોલવાય છે : આવા કર્મચારીઓને ગાંધીનગરની જ કચેરીઓમાં લોકડાઉન પૂરતું હંગામી ડેપ્યુટેશન આપી જોખમ ટાળી શકાય**

ગાંધીનગરમાંથી હજુ પણ અનેક કર્મયોગીઓ જેઓ અમદાવાદ ઉપરાંત વિવિધ જિલ્લાઓ જેવા કે ખેડા, અરવલ્લી, સાબરકાંઠા કે મેહસાણા વગેરેમાં સરકારી કાર્યાલયોમાં કાર્યરત છે અને તેઓ પોતાની નોકરી માટે પોતાના ખાનગી વાહન જેવા કે કાર અથવા સ્કૂટર કે બાઈક દ્વારા અપડાઉન કરે છે. આ કર્મયોગીઓને તેઓ જીલ્લામાં ફરજ બજાવે છે તે સ્થળે રહેવાની સુવિધા ના હોય કે સર્કિટ હાઉસની યોગ્ય સુવિધા પ્રાપ્ત ના થતી હોય તેવી સ્થિતિના કારણે અપડાઉન કરવું પડે છે.

અત્યારે મોટાભાગની સરકારી કચેરીઓમાં ત્રીજા ભાગનો સ્ટાફ બોલાવવા કે સ્ટાફમાંથી કોને બોલાવવા, કોને ના બોલાવવા તે અંગે નિર્ણય લેવા જે તે કચેરીના ઉચ્ચ અધિકારીને સત્તા આપવામાં આવી છે અને લોકડાઉનને કારણે મોટાભાગની કચેરીઓના કામકાજ ઠપ્પ થઈને પડયા છે તેથી કચેરીઓમાં હાલ કોવિદ-૧૯ને અનુલક્ષીને કરવાના કાર્યો સિવાય કામનું ભારણ નથી. આ સ્થિતમાં કેટલીક કચેરીઓમાં સ્ટાફને માત્ર હાજરી આપવા પૂરતું જવું પડે છે કેમ કે અધિકારીનો આદેશ હોય છે. આમ વિના કારણ કર્મચારી એક જિલ્લામાંથી બીજા જીલ્લામાં એટલે કે રેડ ઝોનમાંથી ઓરેન્જ ઝોનમાં કે રેડ ઝોનમાં મુસાફરી કરે છે. પ્રાપ્ત માહિતી અનુસાર કેટલાક જીલ્લામાં ખાસ કરીને મહેસૂલ વિભાગ સહિતની કેટલીક કચેરીઓમાં કામ ના હોવા છતા ફરજિયાત કર્મયોગીઓને ઓફિસ બોલવાય છે જે એક જોખમી અવરજવર સાબિત થઈ શકે છે. સચિવાલય ખાતે થોડા દિવસ પહેલા જણાયેલા કોરોના પોઝિટિવ કેસો આ બાબતનું ઉદાહરણ સમાન છે, વળી, આવા ગાંધીનગર બહાર અપડાઉન કરતાં કર્મયોગીઓ જો તેમણે લોકડાઉન પૂરતું જો ગાંધીનગરમાં જ કોઈ કચેરીમાં જ્યાં કોવિદ-૧૯ના કામનું ભારણ હોય ત્યાં ડેપ્યુટેશન લઈ કામ કરવા માટે તૈયાર છે કેમ કે તેમણે કામ નથી કરવું તેવું નથી.

આમ પણ તેઓ જ્યાં કામ નથી ત્યાં ખાલી હાજરી આપવા જઈને બધા માટે કોરોના સંક્રમણનો ખતરો બને તેના કરતાં ગાંધીનગર રહીને કામ કરવામાં વધુ સલામતી સાથે સરકારને મદદરૂપ થઈ શકે છે અને અપડાઉનના કારણે પોતાના પરિવાર અને શહેર પર જોખમ બનવાથી પણ બચી શકે છે. આ સ્થિતિમાં જો ગાંધીનગરથી વિવિધ જીલ્લામાં અપડાઉન કરતાં કર્મયોગીઓને જો લોકડાઉન પૂરતું ગાંધીનગરમાં જ ડેપ્યુટેશન આપી દેવાય તો તેટલો પાટનગર પર કોરોના સંક્રમણનો ખતરો ઓછો થશે તેમાં બેમત નથી.



સે-૨૭ ખાતે છેલ્લા ૪૨ દિવસથી જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ શ્રીમતી હીના પટેલ અને તેમના સાથીઓ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને અન્ન આપી સેવા કરવામાં આવી રહી છે. રોજના ૪૦૦થી વધુ લોકો આ અન્ન સેવાનો લાભ લઈ રહ્યા છે.

## માસ્ક પહેર્યા વિના વેપાર કરતા વેપારીઓ-નાગરિકો સામે જાહેરનામા ભંગની ફરીયાદ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેર-જિલ્લા વિસ્તારમાં કોરોના પોઝીટીવ દર્દીઓનો આંકડો ૧૦૦ ને પાર કરી ગયો છે. જેને પગલે વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર દ્વારા કડક કાર્યવાહી શરુ કરવામાં આવી છે. ત્યારે લોકડાઉન વચ્ચે બિન જરુરી આંટાફેરા મારતા અને ગામડાઓમાં ડિસ્ટન્સ રાખ્યા વિના, માસ્ક પહેર્યા વિના અને ડબલ સવારી જતા નાગરીકો પોલીસની અડફેટે આવી જતા જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જેમા ઉવારસદ રણજીપુરા ખાતે ગલ્લામાં ચાલતા કિરાણા સ્ટોરમાં તમાકુનું વેચાણ કરતા કેશાજી ભલાજી ઠાકોર તેમજ ગલ્લા પાસે આવેલા મહેરુલ કેશાભાઈ પ્રજાપતિ સામે પોલીસે કાર્યવાહી કરી છે.

જયારે રાંધેજા ચોકડી ખાતે એકટીવા પર ડબલ સવારી જતા પલીયડના ચિરાગભાઈ અશોકભાઈ નાયી અને પ્રશાંતભાઈ રસીકભાઈ નાયી અને પુન્દ્રાસણ ચોકડી પાસે વિશાલ માનસંગજી ઠાકોર અને સુરેશજી ગલાજી ઠાકોર બાઈક પર ડબલ સવારી જતા હતા તેમને પકડી પાડી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી છે. જયારે સેકટર-૨૪ ખાતે બડલ ડેકર મહાલક્ષ્મી ટ્રેડર્સ ખાતે ભીડ કરનાર રાજુભાઈ નારણભાઈ મારવાડી, પ્રેસ સર્કલ પાસેતંબી બાંધીને માસ્ક પહેર્યા વિના તરબુચ અને વિવિધ ફ્રુટ વેચાણ કરતા વેપારી રતુભાઈ વીરજીભાઈ વઢીયારી અને સીસીટવીના આધારે એકટીવા પર વાંરવાર અવર-જવર કરતા ચતુરજી ઉર્ફે ભોલાભાઈ શ્રીરામ પ્રસાદ ધોબી સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે સેકટર-૨૬ કિસાન નગર ખાતે મોર્નિંગ વોકમાં નીકળેલા રમેશચંદ્ર હરકભાઈ શાહની સામે પણ કાર્યવાહી કરી હતી. જયારે લોકડાઉનમાં આંટાફેરા મારતા અને ટોળુ વળીને બેસી રહેલા પોલીસના હાથે ઝડપાઈ ગયા હતા. જેમાં સેકટર-૮ માંથી ૨, સે-૧૨ માંથી ૧, સે-૨૬ માંથી ૧, શિહોલી મોટીથી ૨, રાયપુરથી -૪, કુડાસણ સનફલાવર હાઈટ્સ ખાતેથી ૩, સે-૨૮ પ્રેસ સર્કલ પાસેથી-૨, વાસણા હડમતીયાથી-૧, વડોદરા ગામથી-૧, ડભોડાથી ૧ અને ચિલોડા અક્ષર કોમ્લેક્ષથી ૪ નાગરીકોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### ઈસનપુર મોટા એમ.બી. પટેલ હોસ્પિટલ દ્વારા સેવાકાર્ય

## ગામના જરૂરિયાતમંદોને મદદરૂપ થવાનો પ્રયાસ : ૪૦ પોષણક્ષમ કીટનું વિતરણ કરાયું

ઈસનુર મોટા ગામની વિવિધ સેવાભાવી સંસ્થાઓના સહયોગથી એમ.બી. પટેલ સાર્વજનિક પરિવાર દ્વારા કોરોના વાઈરસના મહામારીના વિકટ પરિસ્થિતિમાં ગામના જરૂરિયાતમંદોને મદદરૂપ થવાનો પ્રયાસ તરીકે વિવિધ સેવાકીય પ્રવૃતિ દ્વારા યોગદાનનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ગામના અગ્રણી રમેશભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ચાલીસ ગરીબ પરિવારોને ચાલીસ હજાર રૂપિયાની કિમંતની કીટનું વિતરણ હોસ્પિટલના પરિસરમાં કરવામાં આવ્યું હતું. આ પોષણક્ષમ કીટમાં અમુલ ઘી, કઠોળ, ગોળ સહિત કીટ બનાવી ગામના આગેવાનો, ટ્રસ્ટીગણ, કર્મચારીગણ ઉપસ્થિતિમાં વિતરણ કર્યુ હતુ. ત્રણ વખત સમગ્ર ગામ સેનેટાઈઝેશન કામગીરી કરવામાં આવી હતી. યુવાનો દ્વારા અન્ય રાજ્યોમાં પગપાળા જતા શ્રમિકોને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આમ સેવાકીય પ્રવૃત્તિઓ વિવિધ સંસ્થાઓના સહયોગથી હોસ્પિટલ પરિવારની સેવાકીય ધરી પ્રવૃત્તિઓને બિરદાવવામાં આવી રહી છે.



### કોરોનાને મ્હાત આપી ઘરે પરત ફરતા ડોકટરનું ભવ્ય સ્વાગત કરાયું

ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યું ખાતે રહેતા ડોકટર કોરોના મુકત થતા તેઓને રજા આપવામાં આવી છે. આજે ઘરે પહોચતા જ સેકટરના વસાહતી ભાઈ બહેનો અને પરિવારના સભ્યોએ થાળી વગાડી પુષ્પવર્ષા કરી તેઓનું સ્વાગત કર્યું હતું અને શુભેચ્છાઓ પાઠવી હતી.

## અનાજ અને ખાદ્ય પદાર્થો ફૂડ રિસર્ચ લેબોરેટરીમાં ટેસ્ટ થયેલ પ્રમાણિત પુરવઠો જ નાગરિકોને મળે તેવો સરકારનો નિર્ધાર

ગાંધીનગર, તા. ૯

રાજ્યમાં જરૂરિયાતમંદોને જાહેર વિતરણ વ્યવસ્થા અન્વયે વિતરિત કરાતાં અનાજ-કઠોળ ઉપરાંત તેલ, મીઠા સહિતના ખાદ્યાન્નનું ગાંધીનગર ખાતે એફ.એસ.એલ.માં કાર્યરત ફૂડ રિસર્ચ લેબોરેટરીમાં ફૂલપ્રૂફ ટેસ્ટીંગ કરવામાં આવી રહ્યું છે. કોરોનાની આ સ્થિતિમાં રાજ્ય સરકાર તરફથી કરોડો નાગરિકોને અપાઈ રહેલા ખાદ્યાન્નની ગુણવત્તા સંપૂર્ણ પારદર્શિતાથી ચકાસવા સાયન્ટિફિક એક્સપર્ટ સ્ટાફ રાત-દિવસ કાર્યરત છે. ગુણવત્તાયુક્ત ખાદ્યસામગ્રી માટે નિયત કરાયેલા માપદંડમાં સહેજ પણ કચાસ દેખાય તો હ્વઈન્ દ્વારા નેગેટીવ રિપોર્ટ મોકલવામાં આવે છે. નિયત ધારાધોરણ મુજબ માલ ગુણવત્તાયુક્ત છે કે નહિ તેનો સ્પષ્ટ અહેવાલ FRL આપે છે જે આધારે પુરવઠા વિભાગ દ્વારા સપ્લાયરનો તમામ જથ્થો રીજેક્ટ કરી દેવામાં આવે છે. જરૂર જણાય ત્યાં સપ્લાયરની એજન્સીને પણ બ્લેક લીસ્ટ કરવા સુધીની કડક કાર્યવાહી કરવામાં આવે છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજયમાં જાહેર વિતરણ વ્યવસ્થા અન્વયે વિતરીત થતા અનાજ અને ખાદ્ય પદાર્થોની ગુણવત્તા-કવોલિટી ઉચ્ચકક્ષાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવાનું નવતર સોપાન ગાંધીનગરમાં પ્રારંભ કરાવ્યું હતું. FRLમાં કાર્યરત હોય તેવી અદ્યતન ફૂડ રિસર્ચ લેબોરેટરી દેશની એકમાત્ર સ્વાયત્ત-ખ્યાતિ પ્રાપ્ત લેબ છે. દેશના અન્ય રાજયો-વિદેશોમાંથી પણ ફૂડ રિસર્ચ લેબોરેટરીના પ્રયોગ પ્રત્યે જિજ્ઞાસા જાગી છે.

રાજયમાં ૧૭ હજારથી વધુ વાજબી ભાવની સસ્તા અનાજની દુકાનો પરથી રાહત દરે ખાદ્યાન્ન, તેલ, કઠોળ મેળવતા કરોડો લાભાર્થીઓ તેમજ મધ્યાહન ભોજન કેન્દ્રોના બાળકો અને ૫૩ હજારથી વધુ આંગણવાડીને શુધ્ધ-ગુણવત્તાયુકત અનાજ-કઠોળ-તેલ વગેરે મળી રહે તે માટે કવોલિટીમાં કોઈ જ કોમ્પ્રોમાઈઝ ન થાય અને ફૂડ રિસર્ચ લેબોરેટરીમાં ટેસ્ટ થયેલ પ્રમાણિત પુરવઠો જ મળે તેવો સરકારનો ધ્યેય રહ્યો છે. જરૂરિયાતમંદોને અપાતા ખાદ્યાન્નની ગુણવત્તામાં ભેળસેળ-હલકી કક્ષા સામે ઝિરો ટોલરન્સ માટે આ ફૂડ રિસર્ચ લેબોરેટરી એક સક્ષમ માધ્યમ બન્યું છે. ગુજરાત નાગરિક પુરવઠા નિગમ દ્વારા અનાજ હાઈ કવોલિટીનું મળી રહે તેની ચોકસાઈ માટે બે વર્ષ પહેલા ડાયરેકટરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ સાથે મળીને આ સ્ટેટ ઓફ ધ આર્ટ ફૂડ રિસર્ચ લેબોરેટરી શરૂ કરવા માટેના ૧૦ વર્ષના એમ.ઓ.યુ. થયા છે. એફઆરએલ શરૂ થઈ ત્યારથી અત્યાર સુધી બે વર્ષમાં કુલ ૧૦,૧૭૮ સેમ્પલનું પૃથક્કરણ કરવામાં આવ્યું છે, જે પૈકી ૭૯૦ સેમ્પલ ફેઈલ થતા તે સપ્લાયરના માલ રિજેક્ટ કરવામાં આવ્યા છે.

ડિરેક્ટરેટ ઓફ ફોરેન્સિક સાયન્સના નિયામક ડૉ. જે.એમ. વ્યાસ, અધિક નિયામક-પ્રોજેક્ટના હેડ એચ.પી. સંઘવીના સતત માર્ગદર્શન હેઠળ તજજ્ઞ એવા ટેકનિકલ ઓફિસર જી.પી. દરબાર, નૂતનબેન શાહ પોતાના અનુભવી સ્ટાફ સાથે મળીને પરીક્ષણ સહિતની પારદર્શક કામગીરી સંભાળી રહ્યા છે.